ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**સુમંતભાઈ મં. શાહ**
કાર્યકારી પ્રમુખ, ગાંધીનગર
નિવૃત્ત અધિકારી મંડળ
ફોન : ૨૩૨૨૬૫૫૭
મો. ૯૫૧૦૯ ૯૪૮૨૭



**અરૂણકુમાર બી રાવલ**
મો. ૭૫૬૭૨ ૦૮૩૬૯



**હિમાંશુ ડાહ્યાભાઈ રાવળ**
મો. ૯૯૭૮૭ ૭૨૦૧૩



**સ્નેહલબેન ખુશાલભાઈ પરમાર**



**મહંમદશાહીદ મહંમદરફીક શેખ**
મો. ૯૪૨૭૯ ૯૭૨૦૯



**વિશ્વા કૌશિકકુમાર મકવાણા**
મો. ૭૨૨૭૯ ૭૭૯૨૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ ખાતે ગાંધી જીવન ઝાંખી પરીક્ષા



ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડા ખાતે સ્કૂલ તથા ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે ધોરણ-૭ અને ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'ગાંધી જીવન ઝાંખી' પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આવતીકાલની પેઢી ગાંધી વિચારોથી અવગત થાય તે માટે આયોજિત કરવામાં આવેલી આ પરીક્ષામાં ધોરણ-૭ના વિદ્યાર્થીઓ માટે 'બાપુની ઝાંખી' અને ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે 'મારી જીવનકથા' પુસ્તક નિયત કરવામાં આવ્યું હતું, જેનું વાચન કરી વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આમ, ગાંધી વિચારોનું વાચન અને અભિવ્યક્તિ કરીને વિદ્યાર્થીઓએ સાચા અર્થમાં રાષ્ટ્રપિતાને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. પરીક્ષામાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજની મહિલા ટીમ કબડ્ડીમાં વિજેતા



ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના યજમાનપદે વિશ્વવિદ્યાલયની મહિલા કબડ્ડી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાની ફાઈનલ મૅચ યજમાન કૉલેજ અને ઍમ બી પટેલ કૉમર્સ કૉલેજ, કડી વચ્ચે યોજાઈ હતી, જેમાં યજમાન કૉલેજને વિજય પ્રાપ્ત થયો હતો.

ફાઈનલ મૅચ રસાકસીભરી બની રહી હતી. કારણ કે મૅચના અંતે બંને ટીમનો સ્કોર સરખો થતાં ટાઈ પડી હતી. એ પછી કબડ્ડીના નિયમોનુસાર બેસ્ટ પાંચ રેઈડના આધારે વિજેતા ટીમ નિયત કરવામાં આવી હતી.

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની વિજેતા ટીમમાં કેપ્ટની રાજેશ્રી રાણેની આગેવાની હેઠળ પ્રિયંકા રાણે, શ્રદ્ધા રાણે, આરતી રવાણી, મેઘના પટેલ, મિત્તલ પટેલ, ગુલાબ જોગરાજીયા, અસ્મિતા મેણીયા, ગાયત્રી પટેલ, પૂજા પટેલ, રીટા ભદોરિયા, જલ્પા રબારી સામેલ હતાં. વિજેતા ટીમને કૉલેજનાં ફિઝીકલ ઍજ્યુકેશન પ્રાધ્યાપક ડૉ. રણછોડ રથવી તથા આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ કૉલેજ પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

સમગ્ર સ્પર્ધા માટે ડૉ. રણછોડ રથવીએ જહેમત ઊઠાવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

ઈશ્વર
સુંદર રીતે
તમારા જીવનમાં
એક દિવસ ઉમેરે છે
તમને જરૂર છે એટલે નહીં
બીજાને તમારી જરૂર છે
એટલે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રઈસ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
કુંગ ફુ યોગા (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
કુંગ ફુ યોગા (અંગ્રેજી)
૭.૦૦

**સ્ક્રીન-૩**
ધ ગ્રેટ વૉલ (૩ડી, અંગ્રેજી)
૧૨.૩૦, ૬.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, અંગ્રેજી)
૨.૩૦, ૮.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, હિન્દી)
૪.૩૦

**સ્ક્રીન-૪**
શુભ આરંભ (ગુજરાતી)
સવારે ૧૦.૦૦
કાબિલ
૧૨.૪૫
સુપરસ્ટાર (ગુજરાતી)
૩.૪૫
દંગલ
૬.૪૫
ગુજ્જુ રૉક્સ (ગુજરાતી)
૯.૪૫

**સ્ક્રીન-૫**
કુંગ ફુ યોગા (હિન્દી)
સવારે ૧૦.૦૦
રઈસ
૧૨.૩૦
કાબિલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### અરિહંત ફાર્મસી કૉલેજ ખાતે

# 'સિટિઝન સાયન્સ અને ઍન્ટરપ્રેન્યરશીપ' વિષયે ડૉ. શાવના પંડ્યાનું વક્તવ્ય યોજાયું





## પર્નસલ કૅર, ડ્રૉન દ્વારા વસ્તુઓની ડિલીવરી, ઑનલાઈન ઑર્ડરીંગ અને ચૂકવણી વિષયની રસપ્રદ વિગતો વિદ્યાર્થીઓને મળી

ગાંધીનગર, તા. ૨

અરિહંત ફાર્મસી કૉલેજ, ગાંધીનગર ખાતે 'સિટિઝન સાયન્સ અને ઍન્ટરપ્રેન્યરશીપ' વિષયે હાલ કૅનેડામાં સ્થાયી મૂળ ભારતીય એવા ન્યુરોફિઝીશિયન અને સિટિઝન સાયન્ટીસ્ટ ઍસ્ટ્રોનૉટ ડૉ. શાવના પંડ્યાના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વક્તવ્યને માણવા અરિહંત ફાર્મસી કૉલેજ અને વિનસ ગૃપની અન્ય સંસ્થા - ઍન્જિનીયરિંગ, આર્કીટેક્ટ, ફિઝિયોથેરાપી, ઈન્ટીરિયલ ડિઝાઈનીંગના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ સાથે શૈક્ષણિક સ્ટાફ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યો હતો.

વક્તવ્યમાં ડૉ. પંડ્યાએ પોતાની શૈક્ષણિક સફરનો વિગતવાર ચિતાર આપ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને પોતાના કોર વિષય સિવાયના અંગત રસના વિષયમાં પણ ઉજ્જવળ કારકિર્દી બનાવવા માટેની પ્રેરણા પોતાના અંગત ઉદાહરણ દ્વારા આપી હતી. તેમણે આગામી સમયમાં આવનારા તદ્દન નવા કારકિર્દી વિષયો જેમ કે પર્નસલ કૅર, ડ્રૉન દ્વારા વસ્તુઓની ડિલીવરી, ઑનલાઈન ઑર્ડરીંગ અને ચૂકવણીના વિષયે ખૂબ રસપ્રદ રજૂઆત કરી હતી તથા વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ પાઠવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ટ્રસ્ટના ચૅરમૅન રીષભ જૈન, સંચાલન ડિરેક્ટર જનરલ ડૉ. રાગીન શાહ અને આભાર દર્શન ડૉ. ડી ઍમ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



વિશ્વકર્મા સરકારી ઍન્જિનીયરિંગ કૉલેજના ઍન્ટરપ્રેન્યરશીપ સૅલ - ઈ સૅલ દ્વારા તમામ પ્રકારની વાહન સેવાઓ માટે પ્રથમ સ્ટાર્ટ-અપ 'પીઈઈઆઈપી'નું લૉન્ચિંગ કરવામાં આવ્યું છે. આ માટે આયોજિત એક સમારોહમાં જીટીયુ ઈનોવેશન કાઉન્સિલના ડિરેક્ટર હીરાન્મય મહંતા અને વિશ્વકર્મા સરકારી ઍન્જિનીયરિંગ કૉલેજના આચાર્ય પ્રૉ. રાજુલ ગજ્જર દ્વારા વિદ્યાર્થીઓને સંબોધન કરવામાં આવ્યું હતું. પ્રૉ. ગજ્જરે જણાવ્યું હતું કે 'ઈનોવેશન એ સફળતા માટેની ચાવી છે.' ડિરેક્ટર મહંતાએ ઈકો સિસ્ટમના વિકાસ માટે કૉલેજને અભિનંદન આપ્યા હતા અને જીટીયુ તરફથી તમામ સહાયની ખાતરી ઉચ્ચારી હતી.

### જેસીઆઈના ઉપક્રમે

# ઈન્ફોસિટી સ્કૂલના વિદ્યાર્થીઓએ પ્રામાણિકતા માટેના શપથ લીધા

ગાંધીનગર, તા. ૨

ઈન્ફોસિટી સ્કૂલમાં જુનિયર ચૅમ્બર ઈન્ટરનેશનલ, ગાંધીનગર દ્વારા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ-૬થી ૯ના વિદ્યાર્થીઓને ઈન્ટીગ્રિટી ડે નિમિત્તે શપથ લેવડાવવામાં આવ્યા હતા. પ્રામાણિકતા, નૈતિકતાનાં મૂલ્યોની, નિયમિતતા, રાષ્ટ્ર અને વ્યક્તિગત વિકાસ માટેની કટીબદ્ધતાની પ્રતિજ્ઞા લેવડાવી તેમજ તે માટે કેવી રીતે જીવવું તે માટેનું માર્ગદર્શન પણ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું. સંસ્થાના ઉપપ્રમુખ પદમસિંહ ચૌહાણ તથા સભ્ય અર્પિતભાઈ પટેલના નેતૃત્ત્વ હેઠળ આ કાર્યક્રમ સફળ રહ્યો હતો. સ્કૂલના મૅનેજિંગ ટ્રસ્ટી દલસાણિયાસર, પ્રમુખ વૈષ્ણવસર, અંગ્રેજી માધ્યમના સુપરવાઈઝર દિપ્તીબેન અને ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ પ્રવીણાબેને પ્રત્યેક વિદ્યાર્થીને આ કાર્યક્રમની સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**

# માર્ચ-૨૦૧૭ પછી બૅન્કિંગ ક્ષેત્ર માટે કપરા કાળના એંધાણ

**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

કાળાં નાણાંને શોધવા ને આતંકવાદને રોકવાના મુખ્ય હેતુથી ઑક્ટોબર, ૨૦૧૬માં વડાપ્રધાને પાંચસો અને હજારના દરની ચલણી નોટોને વ્યવહારમાંથી રદ કરી. આ જાહેરાત બાદ ભારતના અર્થતંત્રમાં એક ભૂકંપ આવ્યો. પ્રજા, વિવિધ પક્ષો, ઉદ્યોગકારો, કૃષિકારો માટે અનેક પ્રશ્નોનું સર્જન થયું પરંતુ આમ આદમી આ પગલાથી નારાજ નહોતો. શા માટે ? તેના મનમાં એક પ્રકારની લાગણી હતી કે હવે કાળું ધન રાખનારાઓનું આવી બન્યું. બીજું, સૌના વિકાસ માટે જે કરવું જરૂરી હોય એ વડાપ્રધાન કરી રહ્યા છે. જેની પાસે બચતો નહોતી તેને તો કોઈ મુંઝવણ નહોતી પરંતુ જ્યાં બિનહિસાબી નાણાંનો જમાવડો હતો ત્યાં અજંપો વધી ગયો હતો અને તેમણે બૅન્કિંગમાં છિંડાં શોધી કાઢ્યાં. ખોટાં ખાતાં ખોલાવ્યાં કે જનધનવાળાનાં ખાતાં ઉપયોગમાં લીધાં અને દેશભરમાં કાળો કેર થઈ ગયો. બૅન્કની બહાર લાઈનો ઉપરાંત સતત બદલાતી સૂચનાઓ તથા નોટ્સની આવકમાં કમીને લીધે પ્રજા કંટાળી ગઈ.




રિઝર્વ બૅન્ક દ્વારા ચલણી નોટોનું જે મૂલ્ય હતું તેમાં ૮૬ ટકા સુધીના મૂલ્યની નોટો રદ જાહેર કરવામાં આવી હતી પણ હજી સુધી કેટલી નોટો અને મૂલ્ય પરત આવ્યાં તે વિશે નક્કર માહિતી નથી. કેમકે તે માર્ચ ૨૦૧૭ બાદ જ જાણવા મળી શકશે. જે કંઈ થયું તે કેટલું ઉચિત હતું તે વિશેની ચર્ચા હવે કરવાનો અર્થ રહ્યો નથી. મહદંશે લોકો ગેરવ્યવસ્થાને, નબળા નાણાંકીય વહીવટને ભાંડે છે. બીજી તરફ સરકારના આદેશ પછી કુલ કયો નક્કર લાભ થયો તે માટે બધા ગોળ-ગોળ ભાષણો આપે છે. ચલણી નાણું રદ જેટલા મૂલ્યનું થયું તેટલી નવી કરન્સી અર્થતંત્રમાં આવવાની નથી અને તેના બદલામાં પ્રજાને કૅશલેસ કે લેસકૅશના રસ્તે ચડાવી દેવાનું આયોજન ચાલતું થયું છે. ઉપરાંત કૅશના વ્યવહારો મોંઘાં બની રહે તેવાં કદમ ઊઠાવાઈ રહ્યાં છે. પ્રજાની મુશ્કેલી એ છે કે બધા પાસે મોબાઈલ્સ છે પણ નેટવર્ક કે ઈન્ટરનેટ ઉપલબ્ધ નથી તો ઍપ્સમાં પ્રજાને બહુ ઋચિ કે જિજ્ઞાસા નથી. અર્થાત એ અમલમાં આવતાંત ઘણો સમય લાગવાનો છે. હવે બૅન્કિંગ ક્ષેત્રની સ્થિતિ તપાસીએ તો બૅન્કો આઠમી ઑક્ટોબર, ૨૦૧૬થી આજ સુધી નોટ સંલગ્ન પ્રબંધન પાછળ જ દોડી રહી છે. ક્લિયરિંગમાં આવતા ચૅક્સ ત્રણથી ચાર ગણા વધી ગયા છે તો નવો મૅનપાવર મળતો નથી. બીજું કે બચતો જે પ્રજાના ઘરમાં તિજોરી કે લૉકરમાં હતી તે રકમ ખાતાઓમાં આવી ગઈ છે. તેથી બૅન્કની જવાબદારીમાં વૃધ્ધિ થઈ ગઈ છે.

ત્રીજી મહત્ત્વની ચિંતાવાળી બાબત એ છે કે ઑક્ટોબરથી આજ સુધીમાં મુદત વિતી બાકીદારો સાથેનું ફૉલો-અપ ઘટી ગયું છે. મતલબ રિકવરીમાં સુધારણા થઈ શકી નથી તેથી માર્ચ, ૨૦૧૭ના અંતે નૉન પરફૉર્મિંગ એસેટ્સ ઘણી વધી જવાની મોટી શક્યતા છે. ચોથી હકીકત એ છે કે ઍનપીએ વૃધ્ધિ થશે તો નફામાંથી જે જોગવાઈ કરવાની થાય છે તે વધી જશે. આ ઉપરાંત જે બચતો મને-કમને ખાતાઓમાં જમા થઈ તેના ઉપર વ્યાજ ચૂકવવાનું શરૂ થઈ ગયું છે. ક્રેટિડ ઑફ ટેક માર્ચ પહેલાં થઈ જાય તે વાતમાં દમ રહ્યો નથી. બચતોની સામે માર્જીન સાથેના ઊંચા વ્યાજદરવાળી લોનમાં જો વૃધ્ધિ થાય તો બૅન્ક ટકી શકે પણ આ પ્રકારનું બૅન્કિંગ હાલ દેખાતું નથી. ટૂંકમાં કહીએ તો એસેટ-લાયેબિલીટી પ્રબંધન ડખે ચડી ગયું છે. બૅન્કો માત્ર પ્રજાની લાઈનો માટે ચિંતા કરે છે અને પ્રજા બહારથી તાળાબંધી ના કરે તેની ઉપાધિમાં ડૂબેલી છે. કોઈ લૉન્સ સસ્તી થઈ નથી અથવા પ્રજા દોડીને લોન લેવા ઊભી રહે તેવું કશું થયું નથી. ને સરકાર બજેટમાં પણ કોઈ જાદુ લાવી શકી નથી..

સરકાર પચીસ હજાર કરોડની સહાય માર્ચ પહેલાં કરવાની છે પણ એ સ્થિતિની કોઈ સચોટ આગાહી નથી. જે નાણાંકીય માળખાનું નિર્ધારણ થયેલું છે તેની જ લયબદ્ધતા ઘણી તૂટી પડી છે. ઉદ્યોગો છે, નાણાં નથી, માણસો છે, કામ નથી. આ પ્રકારની સ્થિતિ સુધારવી ખૂબ જરૂરી છે. રિઝર્વ બૅન્ક પોતાની આગવી નીતિ જાહેર નહીં કરે તો નિયમોના બંધનમાં જ બૅન્કિંગ રડતું, કકળતું મૃત:પ્રયા થઈ જશે તેવી સ્થિતિ દેખાય છે.

કૅશલેસ થઈએ તેમાં કંઈ ખોટું નથી પણ બૅન્કોને ટકાવવાની છે કે નહીં ? કડક કાનૂન કસૂરવારસામે લાવવાના કે નહીં ? બૅન્કોની સ્થિતિમાં હાલમાં 'યસ સર'નો જ માહોલ ચાલી રહ્યો છે. પણ ક્યારેક મૌલિક જવાબ કે અભિપ્રાય આપવાનો કે નહીં ?

કોઈ સ્પષ્ટ વક્તા બનવા તૈયાર ના હોય તો રાષ્ટ્ર રિબાશે તે નક્કી છે.

'કભી ના મિલી પર સાથ સાથ ચલી, યે પટરીયાં મુજે અપની કહાની લગી.'